# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RBI-MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંકે આજે સતત નવમી વખત વ્યાજ દર યથાવત્ રાખ્યો છે. આ નાણાકીય વર્ષ માટે ત્રીજી દ્વિ-માસિક નાણાકીય નીતિની જાહેરાત કરતાં, RBIના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, નાણાકીય નીતિ સમિતિ-MPC એ રેપો રેટને સાડા છ ટકા પર યથાવત્ રાખ્યો છે. મે- 2022થી સતત છ વાર દર વધાર્યા બાદ ગયા વર્ષના એપ્રિલ મહિનાથી વ્યાજ દર વધારા પર વિરામ મૂકવામાં આવ્યો હતો.

# CM- HAR GHAR TRIRANGA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના પોતાના નિવાસસ્થાનેથી ત્રિરંગો લહેરાવી “હર ઘર તિરંગા અભિયાન”નો પ્રારંભ કરાવ્યો છે.. રાજ્યમાં આજથી 15 ઓગસ્ટ સુધી આ અભિયાનની ઉજવણી કરાશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં તિરંગા યાત્રા યોજાશે.. રાજ્યમાં આ અભિયાન અંતર્ગત 40થી 50 લાખ તિરંગાનું વિતરણ કરાશે.

આ વર્ષે “હર ઘર તિરંગા અભિયાન” અંતર્ગત રાજ્યભરમાં તિરંગા રેલી, તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કૉન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમ જ તિરંગા મેળા જેવા બહુવિધ કાર્યક્રમ યોજાશે.

# CM- VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દેવભૂમિદ્વારકા જિલ્લાના ગાંધવી ગામ ખાતે આજે 75મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત હરસિદ્ધિ વનનું લોકાર્પણ કરશે. જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ હરસિદ્ધિ મંદિર નજીક આ વનનું નિર્માણ થયું છે. કુદરતના ખોળે સમુદ્રની નજીક વિશાળ જગ્યામાં બનેલા આ સુંદર વન આજથી લોકો માટે ખુલ્લું મૂકવામાં આવશે.

# ARVALLI- ASI SAJA

અરવલ્લી જિલ્લા અદાલતે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઇને લાંચ રુશ્વત કેસમાં બે વર્ષની સજા કરી છે.. એએસઆઇ પર વર્ષ ૨૦૧૧માં, ફરિયાદી પાસે લાંચ માંગ્યાનો તેમની પર આક્ષેપ હતો. આ મામલે ફરિયાદીએ ફરિયાદ કરતાં ACBએ એએસઆઈને લાંચ લેતા પકડ્યા હતા. આ અંગે સરકારી વકીલ જે.એસ.દેસાઈએ વધુ વિગતો આપી..

**(બાઇટ- જે.એસ. દેસાઇ- સરકારી વકીલ)**

# DIU- SPEACE DAY

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં રાષ્ટ્રીય અવકાશ દિવસ-2024ના ઉપલક્ષ્યામાં વિવિધ સ્પર્ધા યોજાઈ ગઈ. ઈસરો, અમદાવાદ અને શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં નિબંધ, વાર્તા, કવિતા લેખન, ચિત્ર સ્પર્ધા, પ્રશ્નોત્તરી જેવી સ્પર્ધા યોજાઈ હતી. દરમિયાન ઈસરોના વૈજ્ઞાનિકોએ વિદ્યાર્થીઓને ઉપગ્રહોની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે દીવના નાયબ કલેક્ટર શિવમ્ મિશ્રા સહિતના મહાનુભાવોએ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

# GODHRA- DARODA

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગોધરા શહેરમાં દાહોદ રોડ પર આવેલ એક રેસ્ટોરન્ટમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ હેઠળ બે ખાદ્યચીજોના નમુનાઓ લઇ રાજ્યની ફુડ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી અપાયા છે.. જેના પૃથ્થક્કરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં સ્વચ્છતા બાબતે પણ રેસ્ટોરેન્ટને સુધારણા નોટિસ ફટકારવામા આવી છે.

# KADI NAGARPALIKA- SHRAVAN

મહેસાણાની કડી નગરપાલિકાએ શ્રાવણ માસ દરમિયાન સ્વચ્છતા જાળવવા અનોખી પહેલ કરી છે. કડી શહેરના તમામ 30 શિવાલયમાંથી બિલિપત્ર અને ફૂલ એક જ વાહનમાં એકત્રિત કરી તેનો બાયોગેસ પ્લાન્ટમાં યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે.

# JAMNAGAR- DINDAYAL YOJANA

જામનગર જિલ્લામાં દીનદયાળ સ્પર્શ યોજના અંતર્ગત પસંદગી પામેલા વિદ્યાર્થીઓને વાર્ષિક 6 હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ અપાશે. આ યોજનાનો લાભ લેવા માગતા વિદ્યાર્થીઓ 31 ઑગસ્ટ સુધી અરજી કરી શકશે. વિદ્યાર્થીઓ આ અંગે વધુ જાણકારી માટે જામનગરની વડી પૉસ્ટઑફિસની બિલ્ડીંગમાં આવેલી અધિક્ષક ડાકઘરની કચેરીનો સંપર્ક કરી શકે છે, એમ યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફિલાટેલિમાં રસ ધરાવતા ધોરણ 6થી 9 સુધીના વિદ્યાર્થીઓ માટે ભારતીય ટપાલ વિભાગ દ્વારા દીનદયાળ સ્પર્શ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ યોજના જાહેર કરવામાં આવી છે.